# બાજખેડાવાળ પત્રિકા

## बाजखेडावाल पत्रिका    Bajkhedawal Patrika


વર્ષ : ૧૩    ૨૦૧૯ : ઓગષ્ટ

અંક : ૮    આજીવન : રૂ. ૧૦૦૦/-



**: તંત્રી :**

***શ્રી મહાવીરપ્રસાદ એમ. દેસાઈ***

*"શ્રી બ્રહ્મધામ", મહિલા સ્વામિનારાયણ મંદિર પાસે,*

*મહુધા-૩૮૭૩૩૫ ફોન : ૦૨૬૮-૨૫૭૨૦૪૪*



**: પ્રકાશક :**

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા

**શ્રી વિદ્યાબેન ચંદ્રપ્રસાદ ત્રિવેદી ભવન**

**૧-૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂ), અમદાવાદ-૮**

**મોબાઈલ નંબર : ૭૫૭૩૯૭૮૪૭૭**

**કાર્યાલયનો સમય સવારે : ૧૦.૩૦ થી ૫.૩૦**

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા

## પત્રિકાના આજીવન સભ્ય રૂા. ૧૦૦૦/-

| | | | |
|---|---|---|---|
| ૧. | ઉપેશ લક્ષ્મીકાંત જોષી | વડોદરા | ૪૬૧૫ |
| ૨. | ઋકેશ જનાર્દનભાઈ દવે | વડોદરા | ૪૬૧૬ |

---

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના

## વિશિષ્ટ સહાય ફંડના દાતાશ્રીઓ

| | | | |
|---|---|---|---|
| ૧. | સ્વ. શ્રી સુરેશભાઈ નાનુભાઈ ભટ્ટ<br>અને ગં.સ્વ. સુમતિબેન સુરેશભાઈ ભટ્ટ<br>હસ્તે – સુમતિબેન સુરેશભાઈ ભટ્ટ | આણંદ | રૂ. ૪,૫૦,૦૦૦/- |
| ૨. | શ્રી હરિશભાઈ રવિશંકર શેલત તથા<br>શ્રીમતી સરોજબેન હરીશભાઈ શેલત<br>હસ્તે – શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળ | અમદાવાદ | રૂ. ૩૧૦૨/- |
| ૩. | સ્વ. શ્રી ચંદુલાલ ગણપતરામ કોટડીયા<br>હસ્તે. વત્સલ હર્ષદ કોટડીયા | અમદાવાદ | રૂ. ૧૧,૦૦૦/- |
| ૪. | સ્વ. શ્રી ગંગાબેન ચંદુલાલ કોટડીયા<br>હસ્તે. વત્સલ હર્ષદ કોટડીયા | અમદાવાદ | રૂ. ૧૧,૦૦૦/- |
| ૫. | સ્વ. શિવગંગાબેન જેશંકર ભટ્ટની સ્મૃતિમાં<br>હસ્તે – શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ | અમદાવાદ | રૂ. ૧૫૫૧/- |

# તંત્રી લેખ...

## શ્રીમદ ભગવદ ગીતા : અધ્યાય-૪, જ્ઞાન કર્મ, સંન્યાસ યોગ

ભગવાન શ્રીકૃષ્ણએ અર્જુનને કહ્યુ, આ પરમ અવિનાશી યોગ મેં સૂર્યને કહ્યો હતો, સૂર્યએ પોતાના પુત્ર વૈવસ્વત મનુને કહ્યો અને મનુએ પોતાના પુત્ર રાજા ઈક્ષ્વાકુને કહ્યો. પરંપરાથી પ્રાપ્ત આ યોગને આમ રાજર્ષિઓએ જાણ્યો પણ ત્યારબાદ ઘણા સમયથી એ પૃથ્વીલોકમાં લગભગ લુપ્તપ્રાય થઈ ગયો. આ ઘણું ઉત્તમ રહસ્ય છે જે ગુપ્ત રાખવા યોગ્ય જ છે, પણ તું મારો ભક્ત અને પ્રિય સખા છો તેથી જ તને હું આજે કહું છું.

મારા અને તારા ઘણા બધા જન્મો થઈ ચૂક્યા છે, જે બધાને તું નથી જાણતો પણ હું જાણું છું. હું અજન્મા અને અવિનાશી સ્વરૂપ અને બધાં ય પ્રાણીઓનો ઈશ્વર હોવા છતાં પણ પોતાની પ્રકૃતિને આધીન કરીને યોગમાયાથી પ્રગટ થાઉં છું. જ્યારે જ્યારે ધર્મની હાનિ અને અધર્મની વૃદ્ધિ થાય છે, ત્યારે ત્યારે હું પોતાના રૂપને સરજું છું અને સાકાર રૂપે લોકો સમક્ષ પ્રગટ થાઉં છું.

સાધુપુરુષોનો ઉદ્ધાર કરવા માટે, પાપીઓના વિનાશ માટે અને ધર્મની સાચી રીતે સ્થાપના કરવા માટે હું હર યુગે પ્રગટ થાઉં છું. મારા દરેક જન્મ અને કર્મ, દિવ્ય, નિર્મળ અને અલૌકિક છે એવું જે કોઈ માનવી તત્વથી સાચે જ જાણી લે છે, તે લૌકિક દેહ છોડીને પુનર્જન્મ પામતો નથી અને મને જ પામે છે. જેમના રાગ, ભય અને ક્રોધ પુરેપુરા નાશ પામી ચૂક્યા છે અને જેઓ મારામાં અનન્ય પ્રેમભાવે સ્થિત છે એવા મારા આશ્રયે રહેનારા ભક્તો ઉપરોક્ત જ્ઞાનરૂપી તપ વડે પવિત્ર થઈ મારા સ્વરૂપને પામે છે.

જે ભક્તો મને જેવા ભાવથી ભજે છે, હું પણ તેમને એવા જ ભાવથી ભજું છું. સૌ મનુષ્ય સર્વે રીતે મારા જ માર્ગને અનુસરે છે.

મનુષ્યલોકમાં કર્મોના ફળને ઈચ્છનારા માણસો દેવતાઓનું પૂજન કરીને કર્મોથી ઉત્પન્ન થનારી સિદ્ધિઓને પામે છે. કર્મોના વિભાગ અનુસાર; બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર આ ચાર વર્ણોની સમૂહ રચના મારા થકી કરવામાં આવી છે. આમ સૃષ્ટિચક્રનો કર્તા હોવા છતાં પણ હું વાસ્તવમાં અકર્તા જ છું. કર્મોના ફળમાં મારી સ્પૃહા નથી, માટે જ કર્મો મને કદી લિપ્ત કરતાં નથી. આ સારતત્વને જે જાણી લે છે, તે પણ કર્મોથી કદી બંધાતો નથી. પૂર્વકાળથી મુમુક્ષુઓએ આમ જ કર્મો કર્યા છે એને તું પણ અનુસર, ખરેખર તો કર્મ અને અકર્મને પારખવામાં બુદ્ધિશાળીઓ પણ ભ્રમિત અને મોહિત થઈ જાય છે. જે કર્મતત્વને સમ્યક રીતે સમજી લે છે એ એના અશુભ એટલે કે કર્મબંધનથી મુક્ત થઈ જાય છે. કર્મની ગતિ અતિ ગહન છે, માટે કર્મ, અકર્મ અને વિકર્મ ત્રણેયનું સ્વરૂપ જાણવું જોઈએ. જે કોઈ કર્મમાં અકર્મને અને અકર્મમાં કર્મને જુએ છે એ યોગી પુરુષ સમસ્ત કર્મોનો કરનારો અને બુદ્ધિશાળી છે. જેના બધાં કર્મો કોઈ કામના કે સંકલ્પ વિના થાય છે અને જ્ઞાનરૂપી અગ્નિ વડે બળી ગયેલા હોય છે એ મહાપુરુષને જ્ઞાતિજનો પંડિત કહે છે. એઓ કર્મનાં ફળની આસક્તિથી મુક્ત અને સંસારના આશ્રયથી રહિત અને પરમાત્મામાં સદાય તૃપ્ત હોય છે. અંતઃકરણ અને બધી ઈન્દ્રિયોને જીતેલા તેમજ સઘળી ભોગ સામગ્રીનો ત્યાગ કરેલા, ખેવનાથી મુક્ત આવા સાંખ્યયોગીઓ શરીર સંબંધી કર્મો કરતા હોવા છતાં પણ પાપને પામતા નથી.

વણ માંગે મળેલા પદાર્થમાં સંતુષ્ટ, અદેખાઈથી મુક્ત, હરખ શોક જેવી લાગણીઓથી પણ મુક્ત, એવો સિદ્ધિ અને અસિદ્ધિ બેઉમાં સમ રહેનાર કર્મયોગી કર્મ કરવાં છતાં પણ કર્મોથી બંધાતો નથી. એની આસક્તિ, દેહાભિમાન અને મમત્વ નાશ પામેલાં હોઈ એનું ચિત્ત નિરંતર પરમાત્માના જ્ઞાનમાં જ સ્થિત રહે છે.

બ્રહ્મયજ્ઞમાં અર્પણ ઉપકરણ અને હવન દ્રવ્ય બેઉ બ્રહ્મ હોય છે અને બ્રહ્મરૂપી હોતા દ્વારા બ્રહ્મરૂપી અગ્નિમાં હોમવારૂપી ક્રિયા પણ બ્રહ્મ છે. પરિણામે સર્વત્ર બ્રહ્મબુદ્ધિ કરવારૂપી બ્રહ્મકર્મમાં સ્થિત રહેનાર એ યોગીને મળનારું ફળ પણ બ્રહ્મ જ હોય છે. કેટલાક યોગીજનો પૂજારૂપે યજ્ઞનું અનુષ્ઠાન કરે છે. કેટલાક પરબ્રહ્મ પરમાત્મારૂપી અગ્નિમાં અભેદ દર્શનરૂપી યજ્ઞ દ્વારા આત્મરૂપી યજ્ઞનો હોમ કરે છે. કોઈ શ્રોત્ર વગેરે બધી જ ઈન્દ્રિયોને સંયમરૂપી અગ્નિઓમાં હોમે છે તો કોઈ શબ્દ વગેરે સર્વ વિષયોને ઈન્દ્રિયોરૂપી અગ્નિઓમાં હોમે છે. કોઈ સર્વ ક્રિયાઓને જ્ઞાન વડે પ્રજ્વલિત આત્મસંયમ યોગરૂપી અગ્નિમાં હોમે છે. કોઈ દ્રવ્યસંબંધી યજ્ઞ કરે છે તો કોઈ તપરૂપી, કોઈ અષ્ટાંગયોગ રૂપી અને કોઈ અહિંસા જેવા લોકોત્તર વ્રતો પાળી સ્વાધ્યાયરૂપી યજ્ઞ પણ કરે છે. કોઈ યોગીજનો અપાનવાયુમાં પ્રાણવાયુને તથા કોઈ પ્રાણવાયુમાં અપાનવાયુને હોમે છે તો કોઈ પ્રાણાયામ પરાયણ માણસો પ્રાણ અને અપાનની ગતિને રોકીને પ્રાણોને પ્રાણોમાં જ હોમે છે. આ બધા જ સાધકો યજ્ઞો દ્વારા પાપોનો નાશ કરી યજ્ઞોને જાણે છે.

યજ્ઞમાંથી બચેલા અમૃતનો અનુભવ કરનાર યોગીજનો સનાતન પરબ્રહ્મ પરમાત્માને પામે છે. યજ્ઞ ન કરનાર માણસને તો મનુષ્યલોક અને પરલોક બેઉમાં સુખ મળતું નથી. આવા મન, ઈન્દ્રિયો અને શરીરની ક્રિયા દ્વારા સંપન્ન થનારા અનેક જાતના યજ્ઞોને જાણનાર કર્મબંધનથી પૂર્ણ રીતે છૂટી જાય છે. દ્રવ્યમય યજ્ઞની અપેક્ષાએ જ્ઞાનયજ્ઞ ઘણો ચઢિયાતો છે. સઘળાં કર્મો અંતે તો જ્ઞાનમાં જ સમાપ્તિ પામે છે. આ જ્ઞાનને જાણવા તત્વદર્શી જ્ઞાતિજનો પાસે જઈ, એમને યોગ્ય રીતે દંડવત પ્રણામ કરવા પડે. એમની સેવા કરી તેમજ કપટ છોડીને સરલભાવે પ્રશ્ન પૂછવાથી પરમાત્મ તત્ત્વને ઓળખનારાએ જ્ઞાતિજનો તત્વજ્ઞાનનો ઉપદેશ આપે. જે જાણ્યા પછી મોહ દૂર થતાં, સમગ્ર ભૂતોને નિઃશેષ ભાવે પહેલાં પોતાનામાં અને પછી તું મુજ સચ્ચિદાનંદઘન પરમાત્મામાં જોઈશ અને નિઃસંદેશ આખા પાપસાગરને પાર કરી જઈશ. ભડભડતો અગ્નિ જેમ બધું ભસ્મીભૂત કરી નાખે છે તેમ જ જ્ઞાનરૂપી અગ્નિ સમગ્ર કરમીને ભસ્મીભૂત કરી નાંખે છે.

જ્ઞાન જેવું આ સંસારમાં પવિત્ર કરનારું નિઃસંદેહ બીજું કશું જ નથી. કર્મયોગના આચરણ દ્વારા શુદ્ધ અંતઃકરણ પામેલ માનવી આપમેળે જ જ્ઞાનને આત્મામાં પામે છે અને જીતેન્દ્રિય, સાધના પરાયણ તથા શ્રદ્ધાવાન બનતાં તત્કાળ જ ભગવતપ્રાપ્તિરૂપી પરમ શાંતિને પામે છે પણ વિવેકહીન, અશ્રદ્ધાળુ અને સંશયગ્રસ્ત માનવી પરમાર્થથી ભ્રષ્ટ થઈ આ લોક અને પરલોક બેઉમાં દુઃખ પામે છે.

જે કર્મયોગનાં આચરણ દ્વારા સઘણાં કર્મો પરમાત્માને અર્પી દે છે અને સકળ સંશયોથી મુક્ત છે એવા સંપૂર્ણ વશ કરેલ અંતઃકરણના પુરુષને કર્મો કદી બાંધતાં નથી. માટે તું તારા હૃદયમાં રહેલા આ અજ્ઞાનજતિન સંશયને વિવેક અને જ્ઞાનરૂપી તલવાર વડે છેદીને સમત્વરૂપ કર્મયોગમાં સ્થિત થઈ જાય અને યુદ્ધ માટે તૈયાર થઈ જા.

આમ આપણે પણ સઘળાં સંશયોથી દૂર રહીને, સારાં યજ્ઞ કર્યો કરી, સત્કાર્યો માટે હરપળ તૈયાર રહેવું જોઈએ. તો જ આપણે આ સંસારયાત્રને સુખરૂપ માણી શકીશું.

શુભમ ભવતુ, કલ્યાણમ અસ્તુ.

**લિ. મહાવીરપ્રસાદ દેસાઈ**
**તંત્રી - બાજખેડાવાળ પત્રિકા**
**સંકલન - શ્રી જગતભાઈ દવે**
**શ્રી અ.ભા.બા.ખે.હિ. સભા, અમદાવાદ**

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
# ૩૨માં રાષ્ટ્રીય અધિવેશન આણંદના ઉદ્ઘાટકશ્રી



**શ્રી ચન્દ્રગુપ્ત કિરપાશંકર ભટ્ટ**

**જન્મ તા. – ૨૩–૦૬–૧૯૨૭** **જન્મ સ્થળ – અમદાવાદ**

**વતન – ઉમરેઠ**

શૈક્ષણિક – પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ ઉમરેઠમાં લીધું અમદાવાદની એચ.એલ. કોમર્સ કોલેજમાં અભ્યાસ કરી B.Com. ની પરીક્ષા પાસ કરી B.Com. પછી M.Com. અને L.L.B. નો અભ્યાસ કર્યો તે દરમ્યાન ઉમરેઠ એચ.એમ. દવે સ્કુલમાં શિક્ષક તરીકે સેવા આપી. ૧૯૫૫માં M.Com. ની ડીગ્રી મળતા B.J.V.M. College માં અધ્યાપક તરીકે સેવા આપી. ૧૯૬૦ થી ૧૯૬૪ સુધી પોરબંદરમાં પ્રોફેસર તરીકે સેવા આપી. ૧૯૬૪થી ૧૯૮૭ સુધી મોરબી અને સાવલીમાં પ્રિન્સીપાલ તરીકે સેવા આપી. ૧૯૮૭માં નિવૃત્ત થયા. દરમ્યાન સફળ કેળવણીકાર તરીકે સૌરાષ્ટ્ર યુનિ. ગુજરાતી યુનિ. અને સરદાર વલ્લભભાઈ યુનિ.માં સિન્ડીકેટના સભ્ય તરીકે સક્રિય રીતે ઉચ્ચતર કેળવણીના વિકાસમાં ફાળો આપ્યો.

બાજખેડાવાળ જ્ઞાતિ સમાજની સંસ્થાઓ (૧) અખિલ હિંદ બાજખેડાવાળ પરિષદ (૨) મુંબઈ બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી (૩) વિદ્યાર્થી સહાયક સહકારી મંડળીની કારોબારીમાં ૧૫ થી ૨૦ વર્ષ સભ્યપદે રહી ત્રણે સંસ્થાના વિકાસમાં અને સફળતામાં ફાળો આપ્યો.

૧૯૮૯ થી ૧૯૯૯ સુધી મુરબ્બી શ્રી ચીમનભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત જનતા દળના મહામંત્રી પદે રહી રાજકીય પ્રવૃતિમાં સકારાત્મક અને વિવિધ ક્ષેત્રના સુધારા માટે નોંધપાત્ર સેવા આપી.

૧૯૯૯ થી અત્યાર સુધી બે દિકરા અને એક દીકરી યુ.એસ.એ. હોવાથી અને વારંવર યુ.એસ.એ. જવાને કારણે સક્રિય રાજકારણમાંથી નિવૃતિ લીધી આજે પણ સમાજ સેવાની પ્રવૃતિ, જ્ઞાતિ સમાજની પ્રવૃતિ અને શૈક્ષણિક ક્ષેત્રની બૌદ્ધિક પ્રવૃતિમાં સમય ફાળવવાનું ચાલુ છે.

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
# ૩૨માં રાષ્ટ્રીય અધિવેશન આણંદના ઉદ્‌ઘાટકશ્રી



**ડો. વનલતાબેન ચન્દ્રગુપ્ત ભટ્ટ**

**જન્મ તા. ૦૨–૦૫–૧૯૩૨** **વતન – ઉમરેઠ**

શૈક્ષણિક – પ્રાથમિક–માધ્યમિક કેળવણી ઉમરેઠમાં લીધી. ત્યારબાદ ઉમરેઠ કેળવણી મંડળની એચ. એમ. દવે હાઈસ્કૂલમાં ૧૯૫૨ થી ૧૯૫૮ સુધી સેવા આપી. ૧૯૫૮ થી ૧૯૬૪ સુધી આણંદ શારદા હાઈસ્કૂલમાં સેવા આપી. ૧૯૬૪ થી ૧૯૭૧ મોરબીમાં સેવા આપી. દરમ્યાન બી.એ., એમ.એ.ની ડિગ્રી મેળવી. ૧૯૭૦ થી ૧૯૯૨ સુધી અધ્યાપક તરીકે N. S. Patel Arts Collegeમાં સેવા આપી. દરમ્યાન Ph.D.ની ડીગ્રી મેળવી. ૧૯૯૨માં નિવૃત્ત થયા.

ગુજરાત રાજ્ય સોશ્યલ વેલફેર બોર્ડના સભ્ય તરીકે સેવા આપી. સરદાર પટેલ યુનિ.ની સેનેટમાં સભ્યપદે રહી સેવા આપી. અખિલ હિંદ મહિલા પરિષદના ગુજરાત શાખાના ઉપપ્રમુખ તરીકે સેવા આપી. ગુજરાત રાજ્ય બાલકલ્યાણ સંઘની વિદ્યાનગર શાખામાં ઉપપ્રમુખ તરીકે સેવા આપી. ભગિની સેવા સમાજના પ્રમુખ તરીકે આણંદમાં બાજખેડાવાળ મહિલા મંડળની સ્થાપના કરી. મહિલા મંડળને પ્રવૃત્તિશીલ કરી કાર્યરત કર્યું. આજે પણ મહિલા મંડળ ઉત્તમ રીતે પ્રવૃતિ કરી રહ્યું છે.

બે દિકરા અને એક દિકરી યુ.એસ.એ.માં રહેતા હોવાથી ૨૦૦૧ થી અત્યાર સુધીમાં બારથી તેર વખત પ્રવાસ કર્યો અને અમેરિકા દેશના વિવિધ રાજ્યોમાં રહેવાનો અનુભવ મળ્યો. બે બેનો લંડન રહેતી હોવાથી લંડનનો પણ ૩ વખત પ્રવાસ કર્યો.

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
# વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૪,૫૦,૦૦૦/–ના દાતા
# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
# ૩૨માં રાષ્ટ્રીય અધિવેશન આણંદના મુખ્ય મહેમાનશ્રી



**સ્વ. શ્રી સુરેશભાઈ નાનુભાઈ ભટ્ટ**
જન્મ – ૨૧–૦૭–૧૯૩૨
દેહવિલય – ૧૫–૦૯–૨૦૦૬

**ગં.સ્વ. સુમતિબેન સુરેશભાઈ ભટ્ટ**
જન્મ – ૦૧–૦૧–૧૯૩૫

ગામ ઉમરેઠના શ્રી નાનુભાઈ હરિપ્રસાદ ભટ્ટ તથા ભાનુમતિબેનના વચેટ પુત્ર એવા સ્વ. શ્રી સુરેશભાઈનો જન્મ આંધ્રપ્રદેશના રાજામૂન્દ્રી ગામે થયો હતો. તેઓએ મોટાભાગનો સમય મુંબઈમાં ગાળ્યો હતો. બિહારની ધનબાદ સ્કૂલ ઓફ માઈનીંગ એન્જીનીયરીંગની ડીગ્રી મેળવી મુંબઈ તથા આંધ્રપ્રદેશના કૂવૂર ગામમાં રહી તેઓના પિતાના ધંધાને ખૂબ આગળ ધપાવ્યો.

૧૯૫૬ની સાલમાં તેઓનું લગ્ન ઉમરેઠ ગામના શ્રી કનૈયાલાલ મોતીલાલ ત્રિવેદી તેમજ શારદાબેનના જયેષ્ઠ પુત્રી નામે સુમતિબેન સાથે થયા.

નિવૃત્તિબાદ, ઍંસીના દાયકામાં તેઓ અમદાવાદ મુકામે સ્થાયી થયા. આ દંપતિ હંમેશા કુટુંબના મોભી તરીકે પોતાની આગવી છાપ ઉભી કરી છે. તદ્‌ઉપરાંત કુટુંબના કોઈપણ સારા નરસા પ્રસંગે એક વડીલ, માર્ગદર્શક, સલાહકાર તેમજ હરહંમેશ અન્યોને મદદરૂપ થવા તત્પરતા દાખવી છે.

તેઓની બન્નેવ પુત્રીઓ સુખી ઘરમાં લગ્ન કરી અને અમદાવાદ તેમ જ વિદ્યાનગરમાં સ્થાયી થયેલ છે.

શ્રી બાજખેડાવાળ મંડળ –આણંદના આગ્રહને માન આપી ૩૨માં રાષ્ટ્રીય અધિવેશનમાં મુખ્ય મહેમાનશ્રી તરીકે સુમતિબેન પધારવાનાં છે. સંસ્થા તેઓની આભારી છે.

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
# ૩૨માં રાષ્ટ્રીય અધિવેશન આણંદના અતિથિ વિશેષશ્રી



**શ્રી હરિકૃષ્ણ રમણલાલ ઠાકર**

આણંદ નિવાસી સ્વ. રમણલાલ ફૂલાભાઈ ઠાકર તથા સ્વ. શારદાબેન રમણલાલ ઠાકરના સુપુત્ર શ્રી હરિકૃષ્ણ રમણલાલ ઠાકર, દરજી ફળિયું, મઠીયા ચોરા પાસે, આણંદ.

જેઓ સરદાર ગંજ, આણંદમાં પોતાનો અનાજ–કરિયાણાનો ધંધો કરે છે.

તેઓશ્રીએ માતા–પિતા તથા સમાજનું ઋણ અદા કરવા માટે શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના ૩૧માં અધિવેશનમાં રૂ. ૧૧૦૦૦/–નું અનુદાન આપેલ છે.

આ અગાઉ પણ શ્રી બાજખેડાવાળ મંડળ, આણંદને માતબર રકમનું દાન તેઓશ્રી દ્વારા મળેલ છે.

તેઓનું સમગ્ર પરિવાર આશાપુરી મુકામે યોજનાર શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના ૩૨માં અધિવેશનને શુભેચ્છા પાઠવે છે.

લી.

**અંકુર હરિકૃષ્ણભાઈ ઠાકર**
**મયુરીબેન અંકુર ઠાકર**
**યુગ અંકુરભાઈ ઠાકર**
**સ્વરાબેન અંકુરભાઈ ઠાકર**

**દર્શનાબેન વિશાલકુમાર પંડ્યા**
**રીયાબેન વિશાલકુમાર પંડ્યા**
**ધર્મભાઈ વિશાલકુમાર પંડ્યા**

**સોનાલીબેન કૌશિકકુમાર પીઠડીયા**
**હિમાક્ષ કૌશિકકુમાર પીઠડીયા**

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
# ૩૨માં રાષ્ટ્રીય અધિવેશન આણંદના અતિથિ વિશેષશ્રી



## શ્રી કિરણકુમાર રતિલાલ પંડ્યા

પ્લોટ નં. ૩૫૯/૧, સેક્ટર–૫–એ, ગાંધીનગર–૩૮૨૦૦૬.

કિરણકુમાર આર. પંડ્યા, મૂળવતન–ઉમરેઠ, કેશવરાયજીનો ખાંચો, તુળજા માતા પાસે પરંતુ હાલમાં તેઓ ગાંધીનગર સ્થાયી થયેલ છે. તેમનો જન્મ તા. ૨૦–૯–૧૯૫૪ના રોજ ભરૂચ મુકામે મોસાળમાં શ્રી રતિલાલ ઠાકરને ત્યાં થયો હતો. તેઓનું બાળપણ રાધનપુર અને ત્યારબાદ મહુધા પાસે ૧૫૦૦ની વસ્તી ધરાવતા નાની ખડોલ ગામમાં પસાર થયેલું. મેટ્રીક સુધીનો અભ્યાસ નાની ખડોલ ગામમાં પૂર્ણ કર્યા બાદ પ્રિ–સાયન્સ અને બી.ઈ. (સીવીલ)નો અભ્યાસ વલ્લભવિદ્યાનગર બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલયમાં જ્ઞાતિના છાત્રાલયમાં રહી મોસાળ પક્ષની હૂંફ સાથે સને ૧૯૭૧ થી ૧૯૭૭ દરમ્યાન પૂર્ણ કરેલ.

તેમના પિતાશ્રી સ્વ. શ્રી રતિલાલ સોમેશ્વર પંડ્યા નાની ખડોલ ગામની હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે સેવા આપી સને ૧૯૮૫માં નિવૃત્ત થયેલ. ટૂંકી આવક હોવાથી શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળીમાંથી લોન મેળવી બે પુત્રો તથા બે પુત્રીઓને ઉચ્ચ શિક્ષણ આપેલ. તેમના માતૃશ્રી સ્વ. હસુબેન સાદગીપૂર્ણ જીવન જીવનાર અને ધાર્મિક હતા.

કિરણભાઈ પંડ્યાએ અભ્યાસપૂર્ણ કરી ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગમાં મદદનીશ ઈજનેર તરીકે નોકરી ચાલુ કરેલ. ગાંધીનગર, ધાનેરા, મોડાસા, ઈડર તથા અમદાવાદ જેવા વિવિધ સ્થળોએ ફરજ બજાવી છેલ્લે કાર્યપાલક ઈજનેર તરીકે તા. ૩૦–૦૯–૨૦૧૨ના રોજ અમદાવાદથી નિવૃત્ત થયેલ. તેમના લગ્ન સુરતના શ્રી શશીકાંત જે. પંડ્યા અને અ.સૌ. વિદ્યાબેનની જ્યેષ્ઠ પુત્રી મિતા સાથે ૧૯૮૦માં થયા હતા. ૩૯ વર્ષના સુખમય દાંપત્ય જીવનમાં તેઓના બે સંતાનોમાં મોટા પુત્ર ચિ. પાર્થ બી.ઈ. (સીવીલ) હાલમાં ઓસ્ટ્રેલિયાના બ્રિસ્બેનમાં પુત્રવધુ અ.સૌ. ફોરમ (અમદાવાદ) અને લાડલી પૌત્રી ચિ. નિવા (૯ વર્ષ) અને પૌત્ર ચિ. નિવાન સાથે સ્થાયી થયેલ છે. નાના પુત્ર ચિ. જગત બી.ઈ. (કમ્પ્યૂટર) થઈ અમદાવાદમાં સીગ્નેક્સ ડેટા મેટ્રીક્સમાં નોકરી કર્યા બાદ જાન્યુઆરી, ૨૦૧૫થી એચ–૧ વિઝા પર અમેરિકામાં પુત્રવધુ અ.સૌ. અવની (વિદ્યાનગર) તથા પૌત્ર ચિ. દિવમ્ (૫ વર્ષ) તથા ચિ. આરતી (૨ વર્ષ) સાથે પેન્સીલવેનીયામાં સ્થાયી થયેલ છે.

કિરણભાઈ પંડ્યા હાલમાં ગાંધીનગર બાજખેડાવાળ મંડળના પ્રમુખ તરીકે સને ૨૦૧૦–૧૧થી સેવા આપે છે અને અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા તથા શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળીના કારોબારી સભ્ય છે. સળંગ પાંચમા વર્ષે તેઓએ રૂ. ૧૧,૧૧૧/– ૩૨માં રાષ્ટ્રીય અધિવેશનમાં અતિથિ વિશેષ તરીકે આપેલ છે.

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## ૩૨માં રાષ્ટ્રીય અધિવેશન આણંદના અતિથિ વિશેષશ્રી



**ગં.સ્વ. ભાનુબેન જે. દવે**
**જન્મ. તા. ૧૫–૧૦–૪૯**

ભાનુબેન જે. દવેનો જન્મ લવાલ ગામે વસો પરિવારમાં થયો. તેમના પિતાનું નામ છોટાલાલ વ્યાસ અને માતાનું નામ લલીતાબેન હતું.

ભાનુબેન જે દવે અનોખું વ્યક્તિત્વ ધરાવે છે. તેઓના લગ્ન પાલનપુરના મોહનલાલ દવેના સુપુત્ર સ્વ. જગદીશભાઈ દવે સાથે થયેલ. જગદીશભાઈ દવે પોતે ખૂબ જ સરળ સ્વભાવના વ્યવહારુ ગ્રામસેવક હતા. તેઓએ પાલનપુર, ડીસા, બનાસકાંઠા, ડેમોલ વગેરે ગામોમાં પોતાની સેવી આપેલ.

સુખી–સમૃદ્ધ જીવન ગુજારતાં ભાનુબેન જે. દવે કુદરતના કરીશ્માને ના રોકી શક્યાં. તેઓના પતિશ્રીનું ખૂબ જ નાની ઉંમરમાં નિધન થયેલ. તેઓના સંતાનોમાં (હાલ ૩ દીકરીઓ ૧ દીકરો છે.) નિધન વખતે દીકરો માત્ર ૬ મહીનાનો હતો ત્યારે ભાનુબેન દવેની ભગવાનમાં શ્રદ્ધા અને આસ્થાને કારણે પોતે ત્રણેય દીકરીઓને સાસરે વળાવી તેમજ તેઓને પિતાની ખોટ ક્યારેય આવવા દીધેલ નહીં. તેઓ અત્યારે નડીયાદ (યોગીનગર) મુકામે પેન્શનરનો લાભ મેળવી રહેલ છે અને દીકરો હાલ અત્યારે ટોરેન્ટ કેબલ પ્રા. લીમીટેડમાં પોતે સર્વિસ કરી રહેલ છે.

**સ્નેહાધીન**
**વ્યાસ પ્રજ્ઞાબેન તરૂણકુમાર – નડિયાદ**
**સ્વ. દવે નિલેશ જગદીશચંદ્ર – નડિયાદ**
**દવે કામિની અલ્પેશકુમાર – નડિયાદ**
**દવે ભાવેશ જગદીશચંદ્ર – આણંદ**

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## ૩૨માં રાષ્ટ્રીય અધિવેશન આણંદના અતિથિ વિશેષશ્રી



**શ્રી છાયાબેન દવે (મુંબઈ)**

શ્રી બોરીવલ્લી બાજખેડાવાળ સમાજ એટલે સમગ્ર મુંબઈ જ્ઞાતિ સમાજ કહી શકાય. શ્રી છાયાબેનના સસરા સ્વ. શ્રી વિષ્ણુભાઈ ભીમભાઈ દવે એ બાજખેડાવાળ જ્ઞાતિ સમાજનું એક સામાજિક અને સમૃદ્ધ વ્યક્તિત્વ ગણાતું મુંબઈમાં બાજખેડાવાળ સમાજને એકત્રિત અને જીવંત રાખનાર છાયાબેનના કુટુંબીજનોની સામાજીક પ્રવૃત્તિઓમાંથી છાયાબેનને સામાજિક કાર્યની પ્રેરણા મળી તે પ્રેરણાને છાયાબેને જીવંત રાખી બોરીવલ્લી બાજખેડાવાળ સમાજનું નેતૃત્વ સ્વીકારી મુંબઈ ખાતે વર્ષોથી પોતાની સેવાઓ આપે છે. તે જ રીતે જ્ઞાતિના અન્ય મંડળો જેવા કે અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના સભ્ય તરીકે સેવાઓ આપે છે. શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી.ના સભ્ય તરીકે સેવાઓ આપે છે. આજે બોરીવલ્લી સમાજમાં વાર તહેવારે કાર્યક્રમો દ્વારા ભારતની આર્થિક નગરી ગણાતા મુંબઈમાં વસતા જ્ઞાતિજનોને એકત્રિત કરી જ્ઞાતિજનોમાં એકતાને જીવંત રાખવાનું કાર્ય કરી રહેલ છે. તેઓ તેમના તરફથી શક્ય તેટલું યોગદાન જ્ઞાતિસમાજના વિવિધ મંડળોને આપતા રહ્યા છે. ગમે તે સ્થળે અધિવેશન હોય કે સંમેલન, ધાર્મિક કાર્ય હોય કે સામાજિક કાર્ય, છાયાબેનની હાજરી અચુક જોવા મળે આવા ઉત્સાહી છાયાબેન હાલ મુંબઈના બોરીવલ્લીમાં વસવાટ કરે છે.

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૧૧,૦૦૦/–ના દાતા



### સ્વ. ચંદુલાલ ગણપતરામ કોટડીઆ

જન્મ તા. ૧૦–૦૯–૧૯૧૯ સ્વર્ગવાસ તા. ૦૧–૧૦–૨૦૦૬

જન્મશતાબ્દી વર્ષ નિમિત્તે ભેટ

અમારા પૂ. બાપુજીનો જન્મ સોજીત્રા મુકામે ભાદરવી પૂનમના શુભ દિવસે તા. ૧૦–૦૯–૧૯૧૯ના રોજ સ્વ. શ્રી ગણપતરામ શુભરાય કોટડીઆ તથા રૂક્ષ્મણીબેનના ત્યાં થયો હતો. બાળપણથી જ તેમનો સ્વભાવ સહજ, સરળ તથા પરોપકારી રહ્યો હતો.

તેઓશ્રીએ પોતાનો શીપીંગ એજન્ટનો વ્યવસાય ચેન્નાઈ મુકામે વિકસાવીને સફળતા હાંસલ કરી હતી. તેમના જીવનપ્રવાહમાં અમારા માતૃશ્રી સ્વ. ગંગાબેન સહભાગી બન્યા હતા.

પૂ. બાપુજી ઘરના સર્વેને તેમના અનુભવોનો નિચોડ કહેવતો દ્વારા કહેતા જે આજે પણ અમારા માટે ખૂબ જ પ્રેરણાદાયી તથા ઉપયોગી બને છે.

“માતા પિતાના ઉપકારો વર્ણવા શબ્દો પડે છે ઓછા,
અરજ માત્ર એટલી કે મળે તેમના આશિષ હંમેશા.”

**શ્રી હર્ષદભાઈ ચંદુલાલ કોટડીઆ – અમદાવાદ**
**તથા કોટડીઆ પરિવાર**

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૧૧,૦૦૦/–ના દાતા



**સ્વ. ગંગાબેન ચંદુલાલ કોટડીઆ**

જન્મ તા. ૨૩–૦૨–૧૯૨૩ સ્વર્ગવાસ તા. ૨૩–૧૨–૨૦૦૬

અમારા માતૃશ્રી ગંગાબેનનો જન્મ સોજીત્રા મુકામે શ્રી કિરપાશંકર તથા મંછાબા દવેના ત્યાં થયો હતો. નાનપણથી જ ભક્તિભાવવાળા ગંગાબાને ભજનમાં ખૂબ જ રૂચિ હતી.

તેમને કૃષ્ણભક્તિ પ્રિય હોવાથી તેમની નિયમિત દિનચર્યામાં ચેન્નાઈ સ્થિત ગીતામંદિરના ભજનકિર્તન તથા કૃષ્ણસેવા હતા.

તેમની આગવી સુઝબુઝની તેમણે પોતાનું જીવન પરિવાર માટે પ્રેરણાદાયી બનાવ્યું હતું.

"માતા પિતાની છત્રછાયા નથી રહેતી હંમેશા,
રહે છે તેમના મૂક આશિષ હંમેશા."

**શ્રી હર્ષદભાઈ ચંદુલાલ કોટડીઆ – અમદાવાદ**
**તથા કોટડીઆ પરિવાર**

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૧૫૫૧/-ના દાતા



### સ્વ. શ્રી શીવગંગાબેન જેશંકર ભટ્ટ

સને ૧૮૯૫-૧૯૮૩

ઉમરેઠ ખાતે પાટડી ચકલાના રહેવાસી સ્વ. શીવગંગાબેન જેશંકર ભટ્ટનો જન્મ સન ૧૮૯૫માં સ્વ. મણીલાલ પંડ્યાને ત્યાં ઉમરેઠમાં થયેલ. તેમના પુત્રશ્રી વિઠ્ઠલરાય જેશંકર ભટ્ટ તરફથી તેમના માતૃશ્રીના સ્મર્ણાર્થે અમારી સંસ્થા શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદને રૂ. ૧,૦૦,૦૦૦/-નું માતબર દાન સ્વ. શીવગંગાબેન જેશંકર ભટ્ટ ટ્રસ્ટ ફંડ પેટે મળેલ છે. આ ટ્રસ્ટ ફંડની રકમના વ્યાજમાંથી દર વર્ષે ઉમરેઠ સ્થિત ધો.૧૦માં અભ્યાસ કરતી સૌથી વધુ માકર્સથી ઉત્તીર્ણ જ્ઞાતિની વિદ્યાર્થીની દીકરીને શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ અમદાવાદ દ્વારા પારિતોષ આપવામાં આવશે. શ્રી વિઠ્ઠલરાય જે. ભટ્ટ તરફથી ગત વર્ષે તેમના પિતાશ્રી સ્વ. જેશંકર બાપુજી ભટ્ટના સ્મરણાર્થે રૂ. એક લાખનું ટ્રસ્ટ ફંડ પ્રાપ્ત થયેલ છે. આમ તેમના દ્વારા જ્ઞાતિના તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવાના આ ઉમદા કાર્યને સૌ બિરદાવીએ છીએ. જેમની પાછળ તેઓશ્રીની એકમાત્ર ભાવના છે કે બાજખેડાવાળ જ્ઞાતિનો ઉમરેઠ ખાતેથી પણ શૈક્ષણિક રીતે પ્રગતિ થાય અને સમાજનો વિકાસ થાય અમારી સંસ્થા અંતઃકરણપૂર્વક તેઓશ્રીનો આભાર માને છે.

**શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ - અમદાવાદ**

## શ્રી બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી

દવે માણેકજી બેચરજી બાજખેડાવાળ છાત્રાલય, રાજેન્દ્ર માર્ગ, નાના બજાર, વલ્લભ વિદ્યાનગર–૩૮૮૧૨૦, તા. જી. આણંદ. (મો.) ૯૨૬૫૯૦૭૬૬૦

**યાત્રા પ્રવાસ – ત્રંબકેશ્વર – નાસિક – શનેશ્વર – શીરડી સપ્તશૃંગી માતાનું મંદિર**

**યાત્રા પ્રવાસ સૂચના**

(૧) તા. ૧૦, ૧૧, ૧૨, જાન્યુઆરી–૨૦૨૦ આણંદ – ત્રંબકેશ્વર – નાસિક – શનેશ્વર – શીરડી સપ્તશૃંગી માતાનું મંદિર – સાપુતારા – આણંદ (૨) પ્રવાસ ૩ x ૨ લકઝરી બસથી કરાવવામાં આવશે (૩) તા. ૦૯–૦૧–૨૦૨૦ના રોજ રાત્રિના ૧૦.૦૦ કલાકે બાજખેડાવાળ છાત્રાલય, વિદ્યાનગરથી ઉપડશે અને તા. ૧૨–૦૧–૨૦૨૦ના રોજ રાત્રિના ૧૨.૦૦ વાગે પરત ફરશે. (૪) પ્રવાસ દરમ્યાન સવારનો ચા–નાસ્તો તથા બપોરનો અને રાત્રિ ભોજનની વ્યવસ્થા રહેશે શક્ય હશે ત્યાં બપોરે ચા આપવામાં આવશે (તમારી સગવડતા સચવાય અને સારૂ ભોજન મળે એવા આશયથી ભોજન વ્યવસ્થા બસની સાથે જ કરવામાં આવેલ છે.) (૫) રાત્રિ રોકાણ ત્રણ થી ચાર વ્યક્તિ વચ્ચે રૂમ આપવામાં આવશે (૬) તમારી જરૂરીયાત મુજબ ઠંડીના કપડાં – જરૂરી દવાઓ – બેટરી – ચપ્પુ સાથે લાવવાનું રહેશે (૭) પ્રવાસ દરમ્યાન બસમાં ઓર્ગેનાઈઝરની સુચનાઓનું અમલ કરવાનું રહેશે (૮) બસ જ્યાં સુધી જતી હશે ત્યાં સુધી લઈ જવામાં આવશે ત્યારબાદ સ્વખર્ચે સ્થળ પર પહોંચવાનું રહેશે. (૯) આજીવન સભ્ય માટે રૂ. ૧૨૦૦/– તથા સભ્યના હોય તેવા લોકો માટે રૂ. ૨૨૦૦/– ભરવાના રહેશે. (૧૦) વહેલા તે પહેલાના ધોરણે નામ નોંધવામાં આવશે. (૧૧) બસમાં આપેલ નિયત સીટ નંબર પર બેસવાનું રહેશે.

| | |
|---|---|
| **અનિલભાઈ ઠાકર** | **કિરીટકુમાર દવે** |
| **પ્રમુખશ્રી** | **મંત્રીશ્રી** |

**સર્વે કારોબારી સભ્યશ્રીઓ**

---

## શ્રી બાજખેડાવાળ મંડળ – આણંદ

શ્રી બાજખેડાવાળ અતિથિ ગૃહ, આઝાદ મેદાન, આણંદ. (મો.) ૯૨૬૫૯૦૯૪૯૩

**બાજખેડાવાળ મંડળ આણંદને નીચે મુજબની વિગતથી ફંડ મળેલ છે.**

**મકાન બાંધકામ ખાતે**

રૂ. ૫૦૦૦/– ડાહ્યાલાલ હરિલાલ વ્યાસ, રૂ. ૧૦,૦૦૦/– પ્રકાશકુમાર ગજાનંદ પંડ્યા તથા સ્વ. અસ્મિતાબેન પ્રકાશકુમાર પંડ્યા, રૂ. ૫૦૦૦/– ફાલ્ગુન સનતકુમાર ઠાકર

**ટ્યુશન ફી ફંડ ખાતે**

રૂ. ૫૦૦૦/– મુકેશકુમાર કાંતિલાલ દવે, રૂ. ૫૦૦૦/– હર્ષાબેન મુકેશકુમાર દવે, રૂ. ૧૦૦૦/– ડૉ. અશોકકુમાર શંકરલાલ દવે, રૂ. ૧૧૦૦૦/– વિષ્ણુભાઈ સત્યનારાયણ પંડ્યા

**નોટબુક પ્રોજેક્ટ ખાતે**

રૂ. ૧૧,૧૦૧/– સ્વ. ભગવતપ્રસાદ મોહનલાલ જોષી, રૂ. ૧૧,૧૦૧/– શકુંતલાબેન ભગવતપ્રસાદ જોષી, રૂ. ૧૦૦૦/– મુકેશચંદ્ર જગદીશચંદ્ર દવે, રૂ. ૧૦૦૦/– ડો. વંદનાબેન મુકેશચંદ્ર દવે, રૂ. ૫૦૦૦/– હર્ષાબેન કેશવલાલ દવે, રૂ. ૫૦,૦૦૦/– ઘનશ્યામપ્રસાદ દેવપ્રસાદ દવે.

સર્વે દાતાશ્રીઓને શ્રી બાજખેડાવાળ મંડળ, આણંદ આભાર માને છે.

**કિરીટકુમાર દવે** — **પ્રમુખશ્રી**

**રાજેશકુમાર દવે** — **મંત્રીશ્રી**

**તથા કારોબારી સભ્યશ્રીઓ શ્રી બાજખેડાવાળ મંડળ, આણંદ**

## શ્રી તુળજા ભવાની મંદિર ટ્રસ્ટ

શ્રી તુળજા માતા, મોટવાડા, ઉમરેઠ–૩૮૮૨૨૦. જી આણંદ (ગુજરાત) (મો.) ૯૩૭૬૪૮૮૮૫૫

શ્રી તુળજા ભવાની ટ્રસ્ટ, ઉમરેઠ દ્વારા દર સાલની જેમ ચાલુ વર્ષે વિ.સં. ૨૦૭૫ દરમિયાન પણ શ્રી તુળજા ભવાનીની અસીમ કૃપાથી ચાચર ચોકમાં માની નવરાત્રિના દિવસો દરમિયાન જે ધાર્મિક કાર્યક્રમો ઉજવવાના છે, તે નીચે મુજબ છે.

(૧) શ્રી માતાજીનો આહવાનનો ગરબો આસો સુદ છઠ્ઠને તા. ૪–૧૦–૨૦૧૯ને શુક્રવારે રાત્રે ૧૦.૦૦ કલાકે (૨) શ્રી માતાજીનો હવન આસો સુદ નોમને સોમવાર તા. ૭–૧૦–૧૯ના રોજ સાંજે ચાર કલાકે શરૂ થશે. (૩) આસો સુદ બારસ, ગુરૂવારે તા. ૧૦–૧૦–૨૦૧૯ના રોજ પૂર્ણાહુતિ તેમજ સાંજના તે નિમિત્તે ઉજાણી થશે.

તો ઉપરોક્ત ધાર્મિક પ્રસંગો દરમિયાન આપને સહકુટુંબ પધારી શ્રી તુળજા ભવાનીના ચાચર ચોકમાં હાજર રહી ભક્તિ સાથે આનંદનો લાભ લેવા નિમંત્રણ પાઠવવામાં આવે છે.

નોંધ – નવરાત્રિનો પ્રારંભ તા. ૨૯–૦૯–૨૦૧૯થી શરૂ થશે.

**હર્ષદભાઈ દવે** — **મે. ટ્રસ્ટી**

**હેમંત જોષી** — **મે. ટ્રસ્ટી**

## શ્રી બાજખેડાવાળ વયસ્ક નાગરિક મંડળ, નડીયાદ

**આઠમો શપતવિધિ સમારોહ :**

બાજખેડાવાળ વયસ્ક મંડળ–નડીયાદની ૨૦૧૯–૨૦ની પ્રથમ સામાન્ય સભા તા. ૧૦–૦૭–૧૯ મંગળવાર સવારે ૯.૩૦ થી ૧૨.૦૦ દરમ્યાન બાજખેડાવાળ હોલ ખાતે આઠમો શપથવિધિ સમારોહ અંગે મળી આ સભાનું અધ્યક્ષસ્થાન–પ્રમુખશ્રી મનહરભાઈ દવે સંભાળ્યું. એમ.ઓ.સી. બાજખેડાવાળ સમાજના મંત્રીએ માનદ્ સેવાએ સંભાળ્યું.

તા. ૩–૬–૧૯ની સામાન્ય સભામાં પ્રમુખશ્રી મનહરભાઈ દવેને બે વર્ષ ૩૦–૬–૧૯એ પૂર્ણ થતા હોઈ તેમના સ્થાને બે વર્ષ માટે પ્રમુખ શ્રી અશોકકુમાર હરિપ્રસાદ દવેની દરખાસ્ત મુકાઈ

મંત્રી તરીકે શ્રી સતિષભાઈ પંડ્યા અને ઉપપ્રમુખ તરીકે શ્રી નરેન્દ્રાઈ પી. દવેના નામોની દરખાસ્ત મુકવામાં આવી. જેને સંસ્થાના સ્થાપક પ્રમુખ શ્રી નરહરિભાઈ ઢગટ તથા શ્રી ઉપેન્દ્રભાઈ પંડ્યાએ ટેકો જાહેર કર્યો સભામાં તમામ સભ્યોએ તાળીઓથી વધાવી. ઉક્ત બાબતે આઠમો શપથવિધિ સમારોહના મુખ્ય મહેમાન તથા શપતવિધિ અધિકારી તરીકે બાજખેડાવાળ સમાજ નડિયાદના વર્તમાન પ્રમુખશ્રી અને એડવોકેટ શ્રીમાન પ્રણવભાઈ જોષી અને અતિથિ વિશેષ શ્રી અશોકભાઈ પંડ્યા સમયસર પધારતા કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના ગણેશસ્તુતિ – દિનેશભાઈ પંડ્યાએ હરી–સ્મિતવદને સૌને આવકાર પ્રવચન મનહરભાઈ દવેએ કર્યું. સંતરામ મંદિર નડીયાદના વર્તમાન મહંતશ્રી રામદાસજી મહારાજનો આશિષપત્રનું વાંચન કર્યું હતું.

સ્વાગત – મુખ્ય મહેમાન તથા શપતવિધિ અધિકારી પ્રણવભાઈ જોષીનો પરિચય એમ.ઓ.સી.એ આપ્યો. પુષ્પગુચ્છ તથા મોમેન્ટોથી સન્માન મનહરભાઈ દવેએ કર્યું.

અતિથિ વિશેષશ્રી અશોકભાઈ પંડ્યાનો પરિચય નરેન્દ્રભાઈ પી. દવેએ આપ્યો. પુષ્પગુચ્છ તથા મોમેન્ટોથી સ્વાગત પણ મનહરભાઈ દવેએ કર્યું.

૨૦૧૭–૧૮ અને ૨૦૧૮–૧૯ વર્ષની કામગીરી અહેવાલ – કાર્યકારી મંત્રીશ્રી મહાવીરભાઈ દેસાઈએ સંક્ષિપ્તમાં અહેવાલ વાંચ્યો જે સૌએ માન્ય રાખ્યું. ઉક્ત બે વર્ષના હિસાબો – હિસાબની શ્રી અરવિંદભાઈ દેસાઈએ રજુ કર્યો.

બાજખેડાવાળ વયસ્ક મંડળના પૂર્વપ્રમુખ સ્થાપક પ્રમુખશ્રી નરહરિભાઈ ઢગટ શ્રી રમેશભાઈ દવે પૂર્વપ્રમુખે સ્વાગત કર્યું.

પૂર્વ પ્રમુખ – શ્રી આર. જે મહેતા – શ્રદ્ધાંજલિ અર્પી.,

શપથવિધિ – મુખ્ય મહેમાન અને શપતવિધિ અધિકારી – શ્રી પ્રણવભાઈ જોષી દ્વારા નવનિયુક્ત થયેલ પ્રમુખશ્રીને સભ્યો દ્વારા પુરા સન્માન સાથે ડાયર્સ ઉપર દોરી લાવ્યા અને તેમને શપતગ્રહણ કર્યા ત્યારબાદ કારોબારી સભ્યોને શપત લેવડાવ્યા.

શપતવિધિ પૂર્ણ થતાં મનહરભાઈ દવે પ્રમુખ તરીકેનો બેઝ અર્પણ કરી પ્રમુખ પદની ખુરશીએ બેસાડ્યા.

નવનિયુક્ત પ્રમુખ સ્થાન ગ્રહણ પછી સભાને ઉદ્‌બોધન કરતાં – સંસ્થાનું શાન બાન વધે એવા પ્રયત્નો કરીશ. મારા પૂર્વ પ્રમુખશ્રીઓની સલાહ સૂચન માર્ગદર્શન લઈશ.

મુખ્ય મહેમાન અને શપત અધિકારીશ્રી તથા અતિથિ વિશેષ શ્રી અશોકભાઈ પંડ્યા પ્રાસંગિક પ્રવચન કર્યા.

આભારવિધિ – શ્રી નરેન્દ્રભાઈ દવેએ કરી તથા આગામી સામાન્યસભા અષાઢ નહિ પરંતુ ૨૭–૮–૧૯ શ્રાવણ વદ–૧૨ના રોજ સવારે ૧૦.૦૦ બાજખેડાવાળ હોલમાં મળશે એ મુજબની જાહેરાત કરી.

પ્રમોદ ભટ્ટના નેતૃત્વ હેઠળ રાષ્ટ્રગાન સાથે સભા પૂર્ણ જાહેર કરી સૌ મિષ્ઠભોજનનો આસ્વાદ માણ્યો.

| | |
|---|---|
| **અશોકકુમાર એચ. દવે** | **મહાવીર દેસાઈ** |
| **પ્રમુખશ્રી** | **કાર્યકારી મંત્રીશ્રી** |

## શ્રી બાજખેડાવાળ જ્ઞાતિ સમાજ – સોજીત્રા

(મો.) ૯૪૨૬૭૫૭૦૨૬

સર્વ જ્ઞાતિ સમાજને જણાવવાનું કે શ્રી બાજખેડાવાળ જ્ઞાતિ સમાજના સ્મશાનનું સમારકામ (રિનોવેશન) તા. ૨૭–૦૬–૨૦૧૯ ગુરૂવાર થી શરૂ કરવામાં આવેલ તેમાં આપના તરફથી ઉદાર હાથે દાન મળેલ છે તેમાં....

(૧) રૂ. ૧૧૦૦૦/– કિરણભાઈ શાંતિલાલ દવે – ચૈન્નાઈ (૨) રૂ. ૧૦૦૦૧/– સ્વ. ગીતાબેન ભગવતપ્રસાદ ઠાકર હસ્તે – ઠાકર પરિવાર, સોજીત્રા (૩) રૂ. ૨૫૦૦/– સરસ્વતીબેન હરીવદન દવે – સોજીત્રા (૪) રૂ. ૨૫૦૦/– રેણુકાબેન હસુભાઈ ભટ્ટ – ચૈન્નાઈ (૫) રૂ. ૫૦૦/– હરીશભાઈ રમણલાલ પંડ્યા – સોજીત્રા (૬) રૂ. ૧૫૦૧/– સ્વ. મહેન્દ્રભાઈ આશાલાલ શાહ – સોજીત્રા (૭) રૂ. ૧૦૦૦/– મહેશભાઈ ભાનુભાઈ પંડ્યા – સોજીત્રા

સ્મશાનના સમારકામ (રિનોવેશન)માં ઉદાર હાથે દાન આપી આપ સૌએ સમાજના હાથ મજબૂત કર્યા છે.

આ અગાઉ જેણે સ્મશાનના સમારકામમાં ઉદાર હાથે દાન આપેલ છે. તેમનો સમાજ ખૂબ ખૂબ આભારી છે.

હાલ સ્મશાનનું સમારકામ રિનોવેશન કામ ચાલુ છે. (૧) જેમાં સ્મશાનની બાઉન્ડ્રી વોલ ઉંચી કરવી (૨) સ્મશાનમાં મુખ્ય દરવાજો બેસાડવો. (૩) સ્મશાનગૃહમાં બેસવા માટે પતરાનો શેડ કરવો. (૪) સ્મશાનગૃહમાં એક રૂમ બનાવવો.

આપ સર્વે જ્ઞાતિ સમાજને નમ્ર વિનંતી કે આ કાર્યમાં દાન આપવા મહેરબાની કરશો.

આપશ્રી ચેક થી દાન આપી શકો છો. બેન્ક ઓફ ઈન્ડીયા – સોજીત્રા – એકાઉન્ટ નંબર ૨૮૧૧૧૦૧૦૦૦૧૧૦૫૯

**સંદીપ ઠાકર** — **મંત્રીશ્રી**

**ડોળીયા બળવંત બી.** — **પ્રમુખશ્રી**

## શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, આણંદ

શ્રી બાજખેડાવાળ અતિથિ ગૃહ, આઝાદ મેદાન, આણંદ–૩૮૮૦૦૧ ફોન : ૦૨૬૯૨–૨૪૪૨૧૨

તા. ૧૬–૦૭–૧૯ને મંગળવારના રોજ ૩ થી ૫ કલાકે ગૌરીવ્રત નિમિત્તે બાળાઓની હરિફાઈ બાજખેડાવાળ અતિથિ ગૃહ, આણંદ ખાતે બાજખેડાવાળ મહિલા મંડળ, આણંદ દ્વારા યોજવામાં આવેલ. જેમાં સ્કુલ ચાલુ અને પરીક્ષાઓ ચાલુ હોવાથી અલ્પ બાળાઓએ વિવિધ હરિફાઈમાં ભાગ લીધેલ. જેમાં સર્વે બાળાઓને રમતો વિવિધ રમાડી સર્વેને એક સરખું ઈનામ આપવામાં આવેલ છે.

વિવિધ રમતોમાં, મેમરી ગેઈમ, સંગીત ખુરશી, બોટલરીંગ, એ.બી.સી.ડી. બોલાવી કકો બારાખડી બોલાવવી લીંબુ, ચમચો વગેરે રમતોનો રમાડવામાં આવી. હતી.

આ પ્રસંગે બાજખેડાવાળ મહિલા મંડળની કારોબારી બેનોએ તેમજ સભ્ય બેનોએ હાજરી આપી આ પ્રસંગને દિપાવ્યો હતો. જેમાં વસુધાબેન પંડ્યા તરફથી રૂ. ૧૦૦૧/- ભેટ પ્રાપ્ત થયેલ છે. ગીતાબેન શુક્લ તરફથી ભાગ લેનાર સર્વે બાળાઓને પર્સ આપવામાં આવેલ છે. રૂપાબેન ઢગટ તરફથી બદામ અને કેળાં આપવામાં આવ્યા હતા. જ્યોત્સનાબેન દવેએ તેમની વર્ષગાંઠ નિમિત્તે સર્વે બેનો એ તેમને શુભેચ્છા પાઠવી હતી. મીનાબેન શેલતના મમ્મી (ઈંદીરાબેન પંડ્યા) તરફથી રૂ. ૫૦૦/- મંડળને ભેટ આપવામાં આવી હતી અને રીટાબેન ઢગટ તરફથી નાના મોટા દરેક પ્રસંગે પાણીના જગ વ્યવસ્થા તેમના દ્વારા ફ્રી કરવામાં આવે છે. સર્વેએ આ પ્રસંગે ખૂબ જ આનંદ પ્રમોદ કરી વિદાય લીધી હતી.

**મીનાબેન શેલત** — **સુમિત્રાબેન ઠાકર**
**પ્રમુખ** — **મંત્રી**

---

## શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદ

